# ઓબાધ્યા

### અદોમ સજા પામશે

1 આ ઓબાધ્યાનું દર્શન છે. દેવ યહોવા અદોમ વિષે આમ
કહે છે:
યહોવા દેવ તરફથી અમને સંદેશો મળ્યો છે. દેવે
સંદેશવાહક મોકલ્યો છે અને રાષ્ટ્રો માટે આ સંદેશો આપ્યો
છે. ઉભા થાઓ, "ચાલો આપણે અદોમની સામે યુદ્ધે ચડીએ."

### યહોવા અદોમને કહે છે

2"હું તને રાષ્ટ્રો વચ્ચે સૌથી નાનું બનાવીશ. તું અતિશય
ધૃણિત છે.
3તારા અંતરના અભિમાને તને ભરમાવ્યો છે. ઓ ઊંચા
પહાડો પર અને ખડકોની બખોલમાં વસનાર, તું તારા મનમાં
એમ વિચારે છે કે, 'મને કોણ ભોંય પર પછાડી શકે એમ
છે?'"

### અદોમને નીચું પાડવામાં આવશે

4"ગરૂડની જેમ તું ઘણે ઊંચે ચઢીશ અને તારાઓ મધ્યે
તારો માળો બાંધીશ તો ત્યાંથીય હું તને નીચે પાડીશ એમ
યહોવા દેવ કહે છે."
5જો ચોરો તારી પાસે આવ્યા હોત તો ઘણું સારું થાત.
ધાડપાડુઓ રાતે આવ્યા હોત તો વધારે સારું થાત. તેઓએ
ફક્ત તેઓને સંતોષ થાય ત્યાં જ સુધી લીધું હોત. જો દ્રાક્ષ
વહેરવા વાળાઓ તારી પાસે આવ્યાં હોત. તેઓએ તારા માટે
વેરણ છોડી રાખ્યું હોત પણ તારો સંપૂર્ણ નાશ થશે. 6એસાવનો
દેશ કેવો લૂંટાઈ ગયો! તારા છૂપા ભંડારોય રહેવા ન પામ્યા!
7તારી સાથે મૈત્રી કરાર કર્યો છે, તેઓ તને સરહદ બહાર
કાઢી મુકશે. તેઓ તને છેતરશે. તારા બધા મિત્રો તને હરાવશે.
તેઓ તારો રોટલો તારી નીચે જાળની જેમ રાખે છે. 'તને
તેની ગતાગમ નહિ હોય."
8યહોવા કહે છે, "તે દિવસે આખા અદોમમાં એકપણ
શાણો માણસ હશે નહી કારણકે હું એસાવ પર્વતપરના સર્વ
શાણા માણસોનું શાણપણ હરી લઈશ.
9ઓ તેમાન, તારા શૂરવીર પુરુષો ભયભીત થઈ જશે
અને એસાવના પર્વત પરના પ્રત્યેક વ્યકિતનો નાશ અને
સંહાર કરવામાં આવશે.
10'ઓ અદોમ, તારા ભાઈ યાકૂબ પર થયેલી બળજબરીને
કારણે શરમથી ઢંકાઈ જઈશ અને તારો સદાને માટે નાશ
થશે.
11તે દિવસે જ્યારે દુશ્મન પરદેશીઓ યરૂશાલેમનાં
દરવાજાઓમાં પ્રવેશ્યા અને તેની સંપત્તિ કબજે કરી અને
ચિઠ્ઠીઓ નાખી તેના ભાગ કર્યા, તું જોતો ઉભો રહ્યો અને
તેઓમાંનો એક બન્યો.
12જ્યારે તારા સગાને દૂર દેશમાં લઈ જવાયો હતો ત્યારે
તારે ખુશ થવું જોઈતું ન હતું, યહૂદાના નાશના દિવસે તારે
આનંદ માણવો જોઈતો ન હતો, જ્યારે તેઓ પિડીત હતા,
ત્યારે તેઓની હાંસી ઉડાવવી જોઈતી ન હતી.
13તારે મારા લોકોની આફતને સમયે એમના શહેરનાં
દરવાજામાં દાખલ થવું જોઈતું નહોતું. તેમની મુશ્કેલીના
સમયે તારે તેમની વિપત્તિ વિષે ખુશ થવું જોઈતું ન હતું.
તેમની મુશ્કેલીના સમયે તારે તેમની સંપત્તિ લુંટવી જોઈતી
ન હતી.
14તારે તારા ભાગી જતા ભાઈઓની હત્યા કરવા રસ્તાના
ફાંટા આગળ ઊભા રહેવું જોઈતું નહોતું. મુશ્કેલીનાં સમયમાં
તારે બચેલા લોકોને બંદીવાન કરી લેવા જોઈતા ન હતાં.
15યહોવા ટૂંક સમયમાંજ રાષ્ટ્રો પર વેર લેશે. તમે જેવું
ઈસ્રાએલ સાથે કર્યુ તેવું જ તમારી સાથે થશે. તમારા કૃત્યો
તમારા જ માથાં પર પાછા અફળાશે.
16જેમ તે મારા પવિત્ર પર્વત પર પીધું, તેથી બધાં રાષ્ટ્રો
પણ સતત પીશે અને ગળશે, જ્યાં સુધી તેમનું અસ્તિત્વ
સમાપ્ત થાય ત્યાં સુધી.
17પરંતુ સિયોનના પર્વત ઉપર જેઓ પલાયન થયા હતા
તેઓ રહેશે, અને એ પવિત્ર સ્થળ થશે, યાકૂબના વંશજો
પોતાનો વારસો પાછો મેળવશે.
18યાકૂબનું કુટુંબ અગ્નિ જેવું અને યૂસફનું કુટુંબ જવાળા
જેવું બનશે. તેઓ અદીમને સૂકા ખેતરની જેમ સળગાવી
અને નષ્ટ કરશે. કોઈપણ એદમથી પલાયન થશે નહીં."
કારણકે યહોવાએ તેમ કહ્યું છે.
19દક્ષિણ યહૂદાના લોકો અદોમનો કબજો લેશે; પશ્ચિમની
તળેટીના લોકો પલિસ્તિયોનો કબજો લેશે; તેઓ એફ્રાઈમના
અને સમરૂનના પ્રદેશનો પણ કબજો લેશે. બિન્યામીનના
લોકો ગિલયાદનો કબજો લેશે.
20ઈસ્રાએલનું સૈન્ય જે દેશવટે છે. કનાનથી સરેપાથ
સુધીના લોકો વચ્ચે, અને યરૂશાલેમના તે લોકો જેઓ
સફારાદમાં દેશવટે છે તેઓ દક્ષિણના પ્રદેશોનો કબજો લેશે.
21મુક્તિદાતાઓ સિયોન પર્વત પર જશે અને તેમનું રાજ
સંપૂર્ણ અદીમ પર કરશે અને યહોવા પોતે રાજા બનશે.